**ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરી માટે એક નાયબ સેકશન અધિકારી (વર્ગ-૩) અને એક કારકુન (વર્ગ-૩) ની જગ્યા મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મહક-૧૦૨૦૧૨-૯૦-આર.ટી.આઈ. સેલ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૦૧-૦૪-૨૦૧૩

***વંચાણમાં લીધા:-***

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૫-૧૦-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક: વહસ-૧૦૦૫-૨૨૪૧-આર.ટી.આઈ. સેલ.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪-૧૧-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક: વહસ-૧૦૦૫-૨૨૪૧-આર.ટી.આઈ. સેલ.
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૭-૦૯-૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક: વહસ-૧૦૦૫-૨૨૪૧-આર.ટી.આઈ. સેલ-ભાગ-૧.
(૪) ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરીનાં તા.૧૨-૦૯-૨૦૧૨ અને તા.૦૪-૦૧-૨૦૧૩ નાં પત્ર ક્રમાંક: જીઆઈસી-એડીએમ-મહેકમ મંજૂરી-૨૦૧૨.

**આમુખ :**

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણમાં લીધેલ ક્રમ-(૧), (૨) અને (૩) સંદર્ભિત તા.૦૫-૧૦-૨૦૦૫, તા.૨૪-૧૧-૨૦૦૫ અને તા.૨૭-૦૯-૨૦૦૭ ના ઠરાવોથી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરી માટે જુદા જુદા સંવર્ગની કુલ-૪૭ જગ્યાઓનું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે. ગુજરાત માહિતી આયોગ સમક્ષની અપીલો અને ફરીયાદોની ફાઈલોની સાચવણી / જાળવણી માટે તેમજ ફાઈલો દફતર ખંડમાં ઈનવર્ડ / આઉટવર્ડ કરવા માટે એક નાયબ સેકશન અધિકારી (વર્ગ-૩) અને એક કારકુન (વર્ગ-૩)ની નવી જગ્યાઓ મંજૂર કરવા અંગેની ગુજરાત માહિતી આયોગની કચેરીની ઉપર વંચાણમાં લીધેલ ક્રમ-(૪) સંદર્ભિત દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરી માટે આયોગને મળેલ અપીલો અને ફરીયાદો તથા નિકાલ કરાયેલ અપીલો / ફરીયાદોના કેસોના દફતરની અસરકારક અને સક્ષમ નિભાવણી માટે નીચે

દર્શાવ્યા મુજબ એક નાયબ સેકશન અધિકારી (વર્ગ–૩) અને એક કારકુન (વર્ગ–૩)ની નવી જગ્યાઓ રાજય સરકારના પ્રવર્તમાન નીતિ–નિયમો મુજબ પ્રતિનિયુકિતના ધોરણે ભરવાની શરતે નીચે મુજબની શરતોને આધિન આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનું નામ | પગાર ધોરણ | મંજૂર થયેલ જગ્યાની સંખ્યા | જગ્યા ભરવાની પધ્ધતિ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| (૧) | નાયબ સેકશન અધિકારી (વર્ગ–૩) | રૂા. ૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે ૪૪૦૦ | ૦૧ | સરકારના પ્રવર્તમાન નીતિ–નિયમો અનુસાર પ્રતિનિયુકિતના ધોરણે. |
| (૨) | કારકુન (વર્ગ–૩) | રૂા. ૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે ૧૯૦૦ | ૦૧ | સરકારના પ્રવર્તમાન નીતિ–નિયમો અનુસાર પ્રતિનિયુકિતના ધોરણે. |

૨. ઉકત નવી મંજૂર કરેલ જગ્યાનો મહેકમ ભથ્થા વિષયક ખર્ચ ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરીએ વર્ષ ૨૦૧૩–૧૪ ની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણા વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં તા.૦૧–૦૪–૨૦૧૩ પછી આ જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

૩. ઉકત જગ્યાઓ તા.૦૧–૦૪–૨૦૧૩ થી તા.૨૮–૦૨–૨૦૧૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. તા.૨૮–૦૨–૨૦૧૪ બાદ, આ જગ્યાઓ ચાલુ રાખવાની થાય તો ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરીએ આ જગ્યાઓ લંબાવવા અંગેની દરખાસ્ત વિભાગને રજુ કરીને જરૂરી મંજુરી મેળવી લેવાની રહેશે.

૪. આ નવી બાબતનો સમાવેશ સામાન્ય વહીવટ વિભાગનાં વર્ષ ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટેના અંદાજપત્રમાં અનુભાગ–૨ ની નવી બાબતો પ્રથમવાર આવતી આયોજન બહારની વિષયસૂચિમાં સમાવેશ કરવામાં આવેલ છે તથા આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૩–૨૦૧૪ ના અંદાજપત્રમાં માગણી ક્રમાંકઃ ૩૫, મુખ્ય સદર–૨૦૭૦, અન્ય વહીવટી સેવાઓ, ૮૦૦–અન્ય ખર્ચ–(૦૨)– ગુજરાત

માહિતી આયોગ (મતપાત્ર) (આયોજન બહાર) હેઠળ મંજુર થયેલ બજેટ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૫. આ ઠરાવ સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગની તા.૨૫-૦૩-૨૦૧૩ ની નોંધ તથા અગ્ર સચિવશ્રી (નાણા), નાણા વિભાગની તા.૨૬-૦૩-૨૦૧૩ ની નોંધથી મળેલ વહીવટી મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.સી. પટેલ)
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી, નાણા, આરોગ્ય તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ અને વાહનવ્યવહાર, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માનનીય મંત્રીશ્રીઓ / માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (વસુતાપ્ર), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર-૧૮, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- નાણા સલાહકારશ્રી, સામાન્ય વહીવટ વિભાગ
- નાણા વિભાગ, ક-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, ખ.૧ શાખા.
- નાયબ સેકશન અધિકારી સિલેટક ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ